eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 241
August 13, 2010

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૭/૦૮/૨૦૧૦ ના રોજ ક્ષેત્રપાળ શહેરી આરોગ્ય કેન્દ્ર, ક્ષેત્રપાળ મંદિર પાસે, સગરામપુરા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૦૮/૦૮/૨૦૧૦ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત – ૨૦૧૦ ની ઉજવણી અંતર્ગત રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ પ્રકારની આંતર માળખાકીય સુવિધાઓ તથા વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જલાઈ ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા જુલાઈ માસ દરમ્યાન ૪૦૭૩ ઈન્ડોર તથા ૪૨૦૫૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વાંતત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૧/૦૮/૨૦૧૦ના રોજ વેશભૂષા સ્પર્ધા



ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વેશભૂષા સ્પર્ધાનું આયોજન તા.૧૧/૦૮/૨૦૧૦ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકથી ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) ધ્વારા સુરત શહેરને "સોલાર સીટી" જાહેર કરવા માટે "ઈન પ્રિન્સિપલ" મંજૂરી આપવામાં આવી

સુરત મહાનગરપાલિકા તરફથી ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય (**MNRE**) ના "ડેવલપમેન્ટ ઓફ સોલાર સીટીઝ" પ્રોગ્રામમાં ભાગ લેવા રજુઆત વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલ હતી અને સુરત શહેરને સોલાર સીટી તરીકે માન્યતા આપવાની દરખાસ્ત આ વર્ષની શરૂઆતમાં મોકલવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૭/૦૮/૨૦૧૦ ના રોજ ક્ષેત્રપાળ શહેરી આરોગ્ય કેન્દ્ર, ક્ષેત્રપાળ મંદિર પાસે, સગરામપુરા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મીતાબેન પટેલ, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી સતિષભાઈ પટેલ, મ્યુનિ.સદસ્ય શ્રી જે.પી.શાહ, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ, સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફશ્રી કે.એસ.પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો.એ.પી.ભટ્ટ / ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ક્ષેત્રપાળ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ તથા પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે," સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમા વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે." યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ નાગરિકો કરશે તો રોગ—ચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ. સ્વાઈન ફલુને કારણે નાગરીકોમાં ભય જોવા મળે છે પરંતુ સ્વાઈન ફલુથી ગભરાયા વગર સ્વાઈન ફલુ બાબતે તકેદારી રાખવા,આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી સતિષભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતું કે, " પહેલુ સુખ તે જાતે નર્યા " ની કહેવત સાથે પ્રાસંગિક પ્રવચનમાં નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો. મોટે ભાગે નાગરીકોના માનસ પર એવી છાપ હોય છે કે સરકારી દવાખાનામાં મળતી સારવાર સારી હોતી નથી પરંતુ ખરેખર સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પીટલ / શહેરી આરોગ્ય કેન્દ્રો / આવા કેમ્પોમાં નિષ્ણાંત તબીબો દ્વારા જ નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો બહોળો લાભ લેવા માટે નાગરીકોને અનુરોધ કર્યો હતો તેમજ આરોગ્યલક્ષી પ્રદર્શનમાં પર્સનલ હાઈઝીન અંગે પણ માગદર્શન આપવા સુચન કયું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગ ચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે જેથી આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી. સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ક્ષેત્રપાળ તથા આજુ બાજુ વિસ્તારના ૩૪૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૨૭,ચામડીના નિષ્ણાત દ્વારા ૬૯, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૭૨, ફિઝીશ્યન દ્વારા ૮૩, સર્જન દ્વારા ૯, મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૬૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા ૨૦ તાવના દર્દીઓના નમુના લેવામાં આવ્યા હતા. ૨૬ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૬ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૧૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૦૦૦, ઓરલ પીલ્સ ૧૨ પેકેટ, ૫૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૫ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર,આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ.દેસાઈના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રવિવાર, તા.૦૮/૦૮/૨૦૧૦ના રોજ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન




સ્વર્ણિમ ગુજરાત – ૨૦૧૦ ની ઉજવણી અંતર્ગત રાજય સરકારશ્રી ધ્વારા સમાજનાં દરેક વર્ગોને વિવિધ પ્રકારની આંતર માળખાકીય સુવિધાઓ તથા વિવિધ સેવાઓ પુરી પાડી ગુજરાતનાં અવિરત વિકાસમાં સામેલ કરી રહેલ છે. સુરત મહાનગરપાલિકા શહેરીજનોને રસ્તા, લાઈટ, ડ્રેનેજ, પાણી, આરોગ્ય વિષયક જેવી પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવા સતત પ્રયત્નશીલ છે અને સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે ગરીબ કલ્યાણ મેળાના ત્રીજા તબકકા હેઠળ તા. ૮–૮–૨૦૧૦ના રોજ સાંજે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ–નાટક બાદ સુરત શહેરનાં ચોર્યાસી અને ઓલપાડ વિધાનસભા વિસ્તારનાં ગરીબ લાભાર્થીઓને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલા, મા. મેયરશ્રી અને અન્ય મહાનુભવોનાં વરદ્ હસ્તે ઈન્ડોર સ્ટેડીયમ ખાતે કરવામાં આવેલ વ્યવસ્થા મુજબ જુદા જુદા ૨૩ ટેબલો પરથી સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓ અંતર્ગત રોકડ સહાય, સાધનો, કીટ વિગેરે જેવી અંદાજિત ૪૭ યોજનાઓનાં ૬૨૭૭ લાભાર્થીઓને રૂા.૧૬૪૦ લાખ જેટલી માતબર સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સહાયના ઉપયોગથી ગરીબોનાં ધરમાં કલ્યાણનો દીપ પ્રગટશે.

સમારંભની શરૂઆતમાં ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાની વિવિધ યોજનાઓની જાણકારી આપી રાજય સરકારે ગરીબોનાં ફકત આજનો નહીં પરંતુ આવતી કાલની પણ ચિંતા કરી તેના આયોજનનો ઉલ્લેખ કર્યો હતો. છેવાડાના માનવી સુધી આ યોજનાઓનો લાભ પહોંચાડવા માટે સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. મા.સાંસદશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે આ પ્રકારના ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન ધ્વારા ગરીબોને સહાય આપી તેઓ પ્રગતિ કરે, પગભર થાય તે માટેનો આ પ્રયત્ન છે.

સમારંભના પ્રેરક અને ગુજરાત રાજયના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે અગાઉ વિવિધ સરકારી લાભો મેળવવા આમ જનતાએ સરકારી કચેરીના ધકકા બાદ અલ્પ લાભો મેળવી પ્રજાની તકલીફનો ઉલ્લેખ કરી, હાલની રાજય સરકારે મા.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજયના છેવાડાના નાગરીક માટે વિવિધ યોજનાઓના અમલવારી માટે થયેલા આયોજનનો ઉલ્લેખ કરી ગત વર્ષે કરેલ રૂા.૨૭૦૦ કરોડના વિતરણ અને ચાલુ વર્ષે રૂા. ૩૦૦૦ કરોડના વિતરણના આયોજનની છણાવટ કરી હતી. શહેરના ગરીબોને માન સાથે ઈન્ડોર સ્ટેડીયમ જેવાં સન્માનીત કરી ગરીબ મેળો યોજવા બદલ સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓનો આભાર માન્યો હતો. રાજય સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકાની નીચે જણાવેલ વિવિધ યોજનાઓ અંતર્ગત રોકડ સહાય, સાધનો, કીટ વિગેરે જેવી વિવિધ ૪૭ યોજનાઓનાં ૬૨૭૭ લાભાર્થીઓને રૂા.૧૬૪૦ લાખ જેટલી માતબર સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.





**Continue …**

| વિભાગ/યોજનાનું નામ | લાભાર્થી ઓની સંખ્યા | નાણાંકીય મુલ્ય (રૂા.લાખમાં) |
|---|---|---|
| ➢ સમાજ સુરક્ષા યોજના હેઠળની વિકલાંગ ઓળખકાર્ડ યોજના, વિકલાંગ સાધન સહાય, લોન સહાય વિગેરે | ૫૯ | ૨.૬૦ |
| ➢ પછાત વર્ગ કલ્યાણ યોજના હેઠળ વકીલ સ્ટાઈપેન્ડ સહાય, આંતરજ્ઞાતિય લગ્ન યોજના વિગેરે | ૨૭ | ૧૨.૩૭ |
| ➢ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની માનવ કલ્યાણ યોજના અંતર્ગત સિલાઈ મશીન, એમ્બ્રોડરી મશીન, લારી, વિવિધ કુટીર ઉદ્યોગ માટે ટુલ કીટ, વાજપાઈ બેંકેબલ યોજના (લોન મંજુરી, **PMEGP**) વિગેરે | ૭૬૭ | ૧૨૩.૮૬ |
| ➢ શ્રમ અને રોજગાર વિભાગની વજનકાંટા, કેટરીંગ સામગ્રી વિતરણ વિગેરે | ૪૦૨ | ૧.૨૧ |
| ➢ રાજય સરકારશ્રી નિરાધાર વૃધ્ધ, વિધવા, ઈન્દીરા ગાંધી વૃધ્ધ સહાય યોજના | ૩૬૫ | ૧.૪૪ |
| ➢ રાજય સરકારશ્રીની ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓના ઘરે વીજળીકરણ | ૫૧ | ૦.૪૯ |
| ➢ શૈક્ષણિક લોન સહાય | ૭૩ | ૨૧૨.૦૪ |
| ➢ માનવ ગરીમા યોજના | ૦૮ | ૦.૩૨ |
| ➢ સુરત મહાનગરપાલિકાની બાલિકા સમૃધ્ધિ યોજના | ૩૬૪ | ૧.૮૨ |
| ➢ સરકારશ્રીની સુરત મહાનગરપાલિકા મારફત ચાલતી સંકટ મોચન, એસજેએસઆરવાય, ઉમ્મીદ યોજના | ૧૫૬૫ | ૭૨.૯ |
| ➢ સરકારશ્રીની સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલીકૃત **EWS** આવાસ, વ્યકિતગત ટોયલેટ, જનની સુરક્ષા, દીકરી યોજના,સફાઈ કામદારોનાં બાળકોને નોટબુક વિતરણ, મેયર્સ ફંડ, ચિરંજીવી જેવી વિવિધ યોજના | ૨૫૫૨ | ૧૨૧૦.૪૪ |

આ ગરીબ કલ્યાણ મેળામાં મા.સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, ગુ.ઠા.કો.વિકાસ નિગમના ઉપાધ્યક્ષ શ્રી મનુભાઈ ચાવડા, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, સુરત શહેર ભાજપના પ્રમુખશ્રી પૂર્ણેશભાઈ મોદી તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ જાહેર જનતા સરકારશ્રીની આ સહાય વિતરણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.





અંતમાં શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને જાહેર જનતાનો સુરત મહાનગરપાલિકા વતી આભાર માન્યો હતો.

**TOP**

## માહે જુલાઈ ૨૦૧૦–૧૧ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા જુલાઈ માસ દરમ્યાન ૪૦૭૩ ઈન્ડોર તથા ૪૨૦૫૩ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૭૧૪ તથા ૫૬૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૯૧૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૮૮ અને જુના ૫૬૬ દર્દીઓ સહીત કુલ ૧૦૫૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૨૪ તથા આંખ વિભાગમાં ૨૨૪૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૮૯૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વાંતત્ર્યદિનની ઉજવણી નિમિત્તે તા.૧૧/૦૮/૨૦૧૦ના રોજ વેશભૂષા સ્પર્ધા

ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા વેશભૂષા સ્પર્ધાનું આયોજન તા.૧૧/૦૮/૨૦૧૦ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકથી ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૭૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.





| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | પ્રજાપતિ હર્ષ રાજેશકુમાર | પટેલ યશસ્વી કમલેશભાઈ |
| દ્વિતીય | કારિયા હર્ષ કમલભાઈ | સોની ફોરમ હિતેન્દ્રકુમાર |
| તૃતીય | જોષી યશ્વી વિશાલભાઈ | પંડયા કશ્યપ રાકેશકુમાર |
| આશ્વાસન વિજેતા | (૧) પ્રિતી વિશ્વાસ કાપડણીસ<br>(૨) સુરતી પ્રિતી અજયભાઈ<br>(૩) ડાવરા રૂચિતા પી.<br>(૪) જોષી શ્રેયાંશી વિપુલભાઈ<br>(૫) પ્રજાપતિ રિધ્ધિ ભદ્રેશભાઈ | (૧) ભટ્ટ નિશાંત રાકેશભાઈ<br>(૨) મોદી દૃષ્ટિ પી.<br>(૩) રામચંદાણી મીતલ સુરેશભાઈ |

આ સ્પર્ધાના વિજેતાઓને શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, લાઈટ એન્ડ ફાયર સમિતિ અધ્યક્ષશ્રી વજુભાઈ સુહાગીયા, મ્યુનિ. સદ્સ્યશ્રીમતી જયોતીબેન કોઠીયા, શ્રીમતી છાયાબેન ભુવાના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ(લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રીમતી નંદિનીબેન શાહ, શ્રીમતી ચેતનાબેન પટેલ, કુ.વૈભવીબેન બેદીએ સેવા આપી હતી. આ પ્રસંગે અધિકારશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) ધ્વારા સુરત શહેરને "સોલાર સીટી" જાહેર કરવા માટે "ઈન પ્રિન્સિપલ" મંજૂરી આપવામાં આવી

સુરત મહાનગરપાલિકા તરફથી ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય (**MNRE**) ના "ડેવલપમેન્ટ ઓફ સોલાર સીટીઝ" પ્રોગ્રામમમાં ભાગ લેવા રજુઆત વર્ષ ૨૦૦૯માં કરવામાં આવેલ હતી અને સુરત શહેરને સોલાર સીટી તરીકે માન્યતા આપવાની દરખાસ્ત આ વર્ષની શરૂઆતમાં મોકલવામાં આવેલ. આ દરખાસ્તને ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય ધ્વારા માન્ય રાખવામાં આવેલ છે અને સુરત શહેરને "સોલાર સીટી" જાહેર કરવા માટે "ઈન પ્રિન્સિપલ" મંજૂરી આપેલ છે. આ પ્રોગ્રામ હેઠળ મહાનગરપાલિકાના સીનીયર અધિકારીઓનો સમાવેશ કરી સોલાર સીટી સેલની રચના કરવામાં આવશે તથા મહાનગરપાલિકાના ચૂંટાયેલ પદાધિકારીશ્રીઓ, સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓ, ઈલેકટ્રીક પાવર સપ્લાય એજન્સીઓ,રીસર્ચ ઓર્ગેનાઈઝેશન, રેસિડન્ટ વેલ્ફેર એસોશિયેશન, ઈન્ડસ્ટ્રીઝ અને કોર્પોરેટ ઓર્ગેનાઈઝેશન્સ, એન.જી.ઓ. વિગેરેનો સમાવેશ કરીને સલાહ તથા જરૂરી મદદ પૂરી પાડવાના ઉદ્દેશ્ય માટે સોલાર સીટી સ્ટેક હોલ્ડર કમિટીની રચના કરવામાં આવશે. આ પ્રોગ્રામ હેઠળ ભવિષ્યમાં મહાનગરપાલિકાને રૂા.૫૦.૦૦ લાખ જેટલી ગ્રાન્ટ પ્રોગ્રામ અંતર્ગત કરવાના વિવિધ પ્રવૃત્તિઓ માટે મળશે.

સોલાર સીટી પ્રોગ્રામ હેઠળ શહેરના એનર્જી સેકટરનો માસ્ટર પ્લાન **MNRE** ની ગાઈડ લાઈન મુજબ તૈયાર કરવામાં આવશે. આ માસ્ટર પ્લાન અંતર્ગત આગામી દસ વર્ષ માટે કુલ તથા સેકટર વાઈઝ ઉર્જાની જરૂરિયાત તથા ઉપલબ્ધીના અંદાજો તૈયાર કરવામાં આવશે. ઉપરાંત, શહેરના સેકટરવાઈઝ ઉર્જા વપરાશની બેઝ લાઈન તથા ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જન નકકી કરવામાં આવશે તેમજ ઉર્જા બચત, અક્ષય ઉર્જા વપરાશના વધારાનો તથા ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનના ઘટાડાના વાર્ષિક લક્ષ્યાંકો નકકી કરી તે અંગેનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે.

TOP